**રીવર્સ ઈ-ઓકશન પદ્ધતિ હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯ માટે જિલ્લાવાર પરિવહન ઈજારા, તાલુકા/ઝોનવાર ડોર સ્ટેપ ડીલીવરી પરિવહન ઈજારા તેમજ ગોડાઉનવાર મજુરી કામના ઈજારા માટે ટેન્ડરરોને ઈ-ઓકશન બીડમાં ભાગ લેવા બાબતે જરૂરી સુચના અંગેનો સુધારો**

---

૧. ટેન્ડરર જેતે રીજીયન-અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ના જીલ્લાઓ પૈકી બે થી વધારે જીલ્લાઓ માટે એલ-૧ જાહેર થશે તો તે ટેન્ડરરને વધુમાં વધુ રીજીયન વાર તેમજ સમ્રગ રાજયના ૨૮ જીલ્લાઓ પૈકી કોઇપણ ૨-બે જિલ્લાની મર્યાદામાં કામગીરી સુપ્રત કરવાની જોગવાઈ ટેન્ડર દસ્તાવેજમાં કરેલ છે. પરંતુ સ્પર્ધાત્મક હરીફાઈ/Competition ધ્યાને લઈ ટેન્ડરરને ૨(બે)થી વધુ જીલ્લાઓ માટે પરિવહન કામગીરી સુપ્રત કરવાની વિચારણામાં લઇ આખરી નિર્ણય કરવામાં આવશે. જે તમામ ટેન્ડરરોને બંધનકર્તા રહેશે.

૨. ટેન્ડરર જેતે જીલ્લાઓના તાલુકા/ઝોન પૈકી ૫-પાંચ થી વધારે તાલુકા/ઝોન માટે એલ-૧ જાહેર થશે તો તે ટેન્ડરરને વધુમાં વધુ જિલ્લાવાર તેમજ સમ્રગ રાજયના ૨૮ જીલ્લાઓના ૨૭૧ તાલુકા/ઝોન પૈકી કોઇપણ ૫-પાંચ સુધીના તાલુકા/ઝોન માટે કામગીરી સુપ્રત કરવાની જોગવાઈ ટેન્ડર દસ્તાવેજમાં કરેલ છે. પરંતુ સ્પર્ધાત્મક હરીફાઈ/Competition ધ્યાને લઈ ટેન્ડરરને ૫(પાંચ)થી વધુ તાલુકા/ઝોન માટે ડોર સ્ટેપ ડીલીવરી પરિવહન કામગીરી સુપ્રત કરવાની વિચારણામાં લઇ આખરી નિર્ણય કરવામાં આવશે. જે તમામ ટેન્ડરરોને બંધનકર્તા રહેશે.

૩. ટેન્ડરર જેતે જીલ્લાઓના ગોડાઉન પૈકી ૪-ચાર થી વધારે ગોડાઉન માટે એલ-૧ જાહેર થશે તો તે ટેન્ડરરને વધુમાં વધુ જિલ્લાવાર તેમજ સમ્રગ રાજયના ૨૮ જીલ્લાઓના એકંદરે ૨૦૯ ગોડાઉન પૈકીના કોઇપણ ૪-ચાર સુધીના ગોડાઉન માટે કામગીરી સુપ્રત કરવાની જોગવાઈ ટેન્ડર દસ્તાવેજમાં કરેલ છે. પરંતુ સ્પર્ધાત્મક હરીફાઈ/Competition ધ્યાને લઈ ટેન્ડરરને ૪(ચાર)થી વધુ ગોડાઉન માટે મજુરી કામના ઈજારા સુપ્રત કરવાની કામગીરી વિચારણામાં લઇ આખરી નિર્ણય કરવામાં આવશે. જે તમામ ટેન્ડરરોને બંધનકર્તા રહેશે.

**જિલ્લાવાર પરિવહન ઈજારા ટેન્ડર દસ્તાવેજના મુદ્દા નં-૭ ટેન્ડરના ભાવો અંગે વિચારણા અને પેટા મુદ્દા નં- ૭.૧ અને ૭.૨ માં ડોર સ્ટેપ ડીલીવરી પરિવહન ઈજારાના ટેન્ડર દસ્તાવેજ મુજબ મુદ્દા લેવાયેલ હોવાથી સુધારો કરવાનો થતો હોય નીચે મુજબની વિગતો ધ્યાને લેવા તમામ ટેન્ડરરોને વિનંતી.**

૭. ટેન્ડરના ભાવો અંગે વિચારણા:-

૭.૧ ૨૦૧૭-૧૮ ના અંદાજીત પરિવહન ખર્ચના આધારે વર્ષ ૨૦૧૮-૧૯ના પરિવહન ઈજારા માટે જિલ્લાવાર અલગ અલગ એલ.૧ નક્કી કરવામાં આવશે. જેમાં વર્ષ ૨૦૧૭-૧૮ના વેઈટેઝ આપી સ્લેબવાઈઝ ખર્ચ અને વેઈટેજ ની ગણતરી કરવામાં આવશે જે મુજબ સ્લેબ વાઈઝ વેઈટેજને ટેન્ડરરોના e-auction ભાવથી ગણતરી કરી સંભવિત ખર્ચ નક્કી કરવામાં આવશે. અને કુલ સંભવિત ખર્ચ જીલ્લાવાર જેતે ટેન્ડરરના ખર્ચ ઓછામાં ઓછા થશે તેને આખરી એલ.૧ ગણવામાં આવશે. પરંતુ અન્ય ટેન્ડરરો- એલ-૨, એલ-૩ વિગેરે, એલ-૧થી સ્લેબવાર ઓછા જણાશે તેમજ કોઈ એક થી વધુ સ્લેબમાં એલ-૧ ટેન્ડરરના ભાવ સૌથી નીચા હશે પરંતુ નિગમને તે વ્યાજબી નહી જણાય તેવા કિસ્સામાં તો એલ-૧ ટેન્ડરરે જેતે તમામ સ્લેબમાં તે ભાવ મુજબ ઘટાડો કરી આપવાનો રહેશે. અન્યથા અન્ય એલ-૨, એલ-૩ વિગેરે ટેન્ડરરોને તમામ સ્લેબના ઓછામાં ઓછા ભાવ મુજબ ભાવ ઘટાડો કરી આપવાનો વિકલ્પ આપવામાં આવશે અને તે બાબત ધ્યાને લઇ ઈજારો સુપ્રત કરવા અંગે નો આખરી નિર્ણય લેવામાં આવશે. જે તમામ ટેન્ડરરોને બંધનકર્તા રહેશે.

૭.૨ ટેન્ડરર જે-તે રીજીયન-અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ના જીલ્લાઓ પૈકી બે થી વધારે જીલ્લાઓ માટે એલ-૧ જાહેર થશે તો તે ટેન્ડરરને વધુમાં વધુ રીજીયન વાર તેમજ સમ્રગ રાજયના ૨૮ જીલ્લાઓ પૈકી કોઇપણ બે જિલ્લાની મર્યાદામાં કામગીરી સુપ્રત કરવામાં આવશે. અને તેથી વધારે ના જિલ્લાઓ માટે આવેલ ક્રમશ: એલ-૨ કે એલ-૩ ટેન્ડરરને એલ-૧ના ભાવે કામગીરી કરવા જણાવવામાં આવશે અને તેઓ દ્વારા સ્વીકૃતિ આપવાની બાહેંધરી આપવાની રહેશે જે તમામ ટેન્ડરરો ને બંધનકર્તા રહેશે.

**૧. રીવર્સ ઈ-ઓકશન પદ્ધતિથી જિલ્લાવાર પરિવહન ઈજારા, ડોર સ્ટેપ ડીલીવરી પરિવહન ઈજારા અને ગોડાઉનવાર મજુરી કામના ઈજારાના ટેન્ડર દસ્તાવેજમાં નીચેની બાબતે કરેલ જોગવાઈઓ ઉપરાંત નીચે મુજબની વિગતો પણ તમામ ટેન્ડરરોને ધ્યાને લેવા વિનંતી છે.**

---

શરત નં.-

૨.૧ ટેન્ડરરનું આવકવેરા વિભાગ દ્વારા આપવામાં આવતા કાયમી ખાતા નંબરની સર્ટિફીકેટની સ્વ-પ્રમાણિત નકલ જોડવાની રહેશે. જે ટેન્ડરરની તરફેણમાં ઈજારો મંજુર કરવામાં આવે ત્યારે તે ટેન્ડરર ધ્વારા કરારખત કરતી વખતે આવકવેરા કાયમી ખાતા નંબર (PAN) મેળવેલ હોવો જરુરી છે. અથવા આવો નંબર મેળવવા માટે આવકવેરા ખાતાના નિયત નમુનામાં અરજી કરી હોવી જરુરી છે. નિયત નમુનામાં અરજી કરેલ હોય તેવા કિસ્સામાં અરજી ની સ્વ-પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

૨.૨ (અ) ટેન્ડરરનું રીજીયોનલ પ્રોવિડંડ કચેરી દ્વારા આપવામાં આવેલ સમયમર્યાદામાં પી.એફ.કોડ નંબરની સ્વ-પ્રમાણિત કર્યાના સહીસિક્કા સાથેના પ્રમાણિત નકલ જોડવાની રહેશે. પી.એફ.કોડ નંબર મળેલ ન હોય તેવા સંજોગોમાં ટેન્ડરરે જો અરજી કરેલ હોય તો તેની સ્વ-પ્રમાણિત નકલ અથવા નિયત સમયમર્યાદામાં પી.એફ.કોડ મેળવી રજુ કરવાનો રહેશે અને તે અંગે ની બાહેંધરી આપવાની રહેશે.

(બ)તેમજ લેબર/ઇન્ડસ્ટ્રીયલ લો અને ફેકટરી એક્ટની સબંધિત કાયદાકીય જોગવાઈનું પાલન કરવાનું રહેશે.

(ક) ભારત સરકારના ગુડઝ એન્ડ સર્વીસ ટેક્ષની જોગવાઈ અનુસાર ટેન્ડરરનું વાર્ષિક ટર્ન ઓવર રૂ.૨૦ લાખ કે તેથી વધુ હોય તો તેઓએ ફરજીયાતપણે જીએસટી રજીસ્ટ્રેશન નંબરની સ્વ–પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. ટેન્ડરર દ્વારા નવો વ્યવસાય શરુ કરેલ હોય અને જીએસટી રજી. નં. મેળવવા પાત્ર હોય અને તે નંબર મેળવવા માટે અરજી કરેલ હોય તો તેની સ્વ-પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. હાલમાં જીએસટી રજી.નં. મેળવવા પાત્ર ન થતો હોય પરંતુ ભવિષ્યમાં મેળવવા પાત્ર થાય ત્યારે તે નિયત સમયમર્યાદામાં મેળવી અત્રેને રજુ કરવાનો રહેશે જે મુજબની બાહેંધરી આપવાની રહેશે.

૨. જિલ્લાવાર પરિવહન ઈજારા ટેન્ડર દસ્તાવેજના કરારનામાની શરત નં. મુજબ ૪૯ માં નીચે મુજબનો સુધારો વાંચવા તમામ ટેન્ડરરોને વિનંતી.

---

શરત નં.૪૯. **જાહેર વિતરણ માટેના જથ્થાનું પરિવહન જે ટ્રકમાં કરવામાં આવે છે તેની પર આ અંગેનું નિગમ દવારા નિયત કરેલ બોર્ડ /બેનર લગાવવુ ફરજીયાત છે તેનો અમલ ન કરવા બદલ રૂ.૧૦૦૦/- પ્રતિ ટ્રકના દંડ કરવામાં આવશે તથા નિગમ ધ્વારા આકારવામાં આવેલ દંડની રકમ અમો નિગમને તુર્ત જ ભરપાઈ કરી આપવાની બાંહેધરી આપીએ છીએ, અન્યથા નિયત રકમ અમારા પડતર બીલો કે સીકયોરીટી ડીપોઝીટમાંથી સીધી વસુલ કરવામાં આવે તો અમો કોઈ વાંધો કે તકરાર કરીશું નહીં.**